


**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in




# વરસાદનું ગીત અને સૂરજનો ગુસ્સો

ચોમાસાના દિવસો હતા. આકાશમાં કાળા-ડિબાંગ વાદળો ઘેરાયેલા હતા. નદીઓ, નાળાં અને તળાવો પાણીથી છલકાઈ રહ્યા હતા. દેડકાભાઈ "ડ્રાંઉ-ડ્રાંઉ" કરીને ગાતા હતા અને મોરલા મન મૂકીને નાચી રહ્યા હતા. આખું જંગલ વરસાદના આગમનથી ખુશ-ખુશ હતું.

વાદળોની ઓથમાં છુપાઈને એક નાનકડી, તોફાની વાદળી રહેતી હતી–જેનું નામ હતું રીમી. રીમીને ગાવાનો બહુ શોખ હતો. જ્યારે પણ તે ખુશ થતી, ત્યારે ઝીણા-ઝીણા ફોરાં વરસાવતી અને મીઠું ગીત ગાતી:

"રીમઝીમ રીમઝીમ વરસો રાય, જીવડાં-જંતુ હરખાઈ જાય!

ધરતી ઓઢે લીલી ચાદર, નદીઓ સાગરે મળવા જાય!"

રીમીનું આ ગીત સાંભળીને પક્ષીઓ કિલકિલાટ કરતાં અને નાના બાળકો કાગળની હોડીઓ બનાવીને પાણીમાં તરતી મૂકતા. આખું અઠવાડિયું રીમી આમ જ ગાતી રહી અને સતત વરસતી રહી.

બીજી તરફ, વાદળોની પાછળ સંતાયેલા સૂરજદાદા ક્યારનાય આ બધું જોઈ રહ્યા હતા. ઘણા દિવસોથી તેમને આકાશમાં મુક્તપણે ફરવા મળ્યું ન હતું. તેમના કિરણો ધરતી સુધી પહોંચી શકતા ન હતા. સૂરજદાદાના કપડાં (એટલે કે તેમનો તડકો) પણ ભેજવાળા થઈ ગયા હતા!




રીમીનું ગીત સાંભળીને સૂરજદાદાનો પારો સાતમા આસમાને પહોંચી ગયો. તેમનો ચહેરો ગુસ્સાથી એકદમ લાલચોળ થઈ ગયો. તેમણે જોરથી ત્રાડ પાડી, "બસ, હવે બંધ કર તારું આ ગીત! સાત દિવસથી તારું આ રીમઝીમ-રીમઝીમ ચાલુ જ છે! ધરતી પર બધાના કપડાં સુકાતા નથી, કાદવ-કીચડ થઈ ગયો છે, અને મને તો કોઈ ભાવ જ પૂછતું નથી!"

**પવનભાઈ સૂરજદાદા પાસે ગયા અને બોલ્યા, "દાદા, ગુસ્સો ન કરો. તમારા વગર તો આ સૃષ્ટિ અધૂરી છે. તમારો તડકો ન હોય તો અનાજ કેવી રીતે પાકે? પણ જુઓ, આ નાની રીમી તો માસૂમ છે**

સૂરજદાદાનો આવો ભયાનક ગુસ્સો જોઈને નાનકડી રીમી તો ડરી જ ગઈ. તેના ગીતના સૂર અધવચ્ચે જ અટકી ગયા. આકાશમાં અચાનક વીજળીના કડાકા થવા લાગ્યા, જે ખરેખર સૂરજદાદાના ગુસ્સાનો અવાજ હતો.

જંગલના પશુ-પંખીઓ અને ઝાડ-પાન પણ સૂરજદાદાનો ગુસ્સો જોઈને ધ્રૂજી ઉઠ્યા. વાતાવરણ ગરમ થઈ ગયું. ત્યારે જ ત્યાંથી પવનભાઈ વહેતા વહેતા નીકળ્યા. પવનભાઈ ખૂબ ડાહ્યા અને શાંત હતા. તેમણે સૂરજદાદા અને રીમી બંનેને શાંત પાડવાનું નક્કી કર્યું.

પવનભાઈ સૂરજદાદા પાસે ગયા અને બોલ્યા, "દાદા, ગુસ્સો ન કરો. તમારા વગર તો આ સૃષ્ટિ અધૂરી છે. તમારો તડકો ન હોય તો અનાજ કેવી રીતે પાકે? પણ જુઓ, આ નાની રીમી તો માસૂમ છે. જો એ નહીં વરસે, તો ધરતી લીલીછમ કેવી રીતે થશે? નદીઓ કેવી રીતે ભરાશે?"

પછી પવનભાઈ રીમી પાસે ગયા અને વ્હાલથી કહ્યું, "રીમી બેટા, તારું ગીત ખૂબ મીઠું છે, પણ જો તું સતત ગાયા કરીશ, તો લોકો કંટાળી જશે. સૂરજદાદાને પણ તેમનું કામ કરવા દેવું જોઈએ ને?"

સૂરજદાદા અને રીમી બંનેને પવનભાઈની વાત સમજાઈ ગઈ. સૂરજદાદાનો ગુસ્સો શાંત થયો અને તેમણે હસીને રીમી તરફ જોયું. રીમીએ પણ હસતાં હસતાં સૂરજદાદાની માફી માગી.

ત્યારબાદ બંનેએ એક સરસ કરાર કર્યો. જ્યારે રીમી વરસવાનું બંધ કરે, ત્યારે સૂરજદાદાએ આકાશમાં આવીને સોનેરી તડકો પાથરવો.

અને ખબર છે શું થયું? જ્યારે સૂરજદાદાનો કોમળ તડકો રીમીના બાકી રહી ગયેલા પાણીના ટીપાં પર પડ્યો, ત્યારે આકાશમાં એક અદ્ભુત ચમત્કાર થયો! આખું આકાશ સાત રંગોના મેઘધનુષ્યથી સજી ગયું.

# શું તમે વંદે ભારત એક્સપ્રેસનું અસલી નામ જાણો છો?




આજે, વંદે ભારત એક્સપ્રેસ સ્પીડ, આરામ અને ભારતીય રેલ્વેમાં આધુનિકીકરણનો પ્રતિક બની ગઈ છે. તેની આકર્ષક ડિઝાઇન અને સેમી હાઇ-સ્પીડ ક્ષમતા સાથે, આ ટ્રેને દેશભરમાં ઇન્ટરસિટી મુસાફરીને બદલી નાખી છે. પરંતુ ઘણા લોકો જાણતા નથી કે જ્યારે આ ટ્રેનને પહેલીવાર બનાવવામાં આવી હતી ત્યારે તેનું નામ ખૂબ જ અલગ હતું. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું નેતૃત્વ કરનારા રેલ્વે એન્જિનિયર વિશે પણ ખૂબ ઓછા લોકો જાણે છે. અહીં ટ્રેન અને તેને બનાવનાર માસ્ટરમાઇન્ડ વિશે કેટલીક રસપ્રદ હકીકતો જણાવવામાં આવી છે.

વંદે ભારત એક્સપ્રેસનું મૂળ નામ 'ટ્રેન 18' હતું. દેશભક્તિનું નામ અપાયું તે પહેલા, આ ટ્રેન 'ટ્રેન 18' તરીકે જાણીતી હતી. આ નામ રાખવા પાછળની હકીકત એ છે કે આ પ્રોજેક્ટ 2018માં વિચારવામાં આવ્યો હતો અને 2018માં જ પૂર્ણ થયો હતો. જાન્યુઆરી 2019માં લોન્ચ પહેલાં તેનું નામ બદલીને વંદે ભારત એક્સપ્રેસ રાખવામાં આવ્યું હતું.

ભારતની પ્રથમ સ્વદેશી સેમી હાઈ-સ્પીડ ટ્રેન - આયાતી ટેક્નોલોજી પર ખૂબ આધાર રાખતી અગાઉની પ્રીમિયમ ટ્રેનોથી વિપરીત, 'ટ્રેન 18' સરકારની "મેક ઇન ઇન્ડિયા" પહેલ હેઠળ સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઇન અને બનાવવામાં આવી હતી. તે ભારતીય રેલ્વે માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ હતું અને દેશની એન્જિનિયરિંગ ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે.

ટ્રેન ફક્ત 18 મહિનામાં બનાવવામાં આવી હતી - આ પ્રોજેક્ટની સૌથી નોંધપાત્ર વાતોમાંથી એક વાત એ છે કે, આ ટ્રેનને ખૂબ જ ઝડપથી બનાવવામાં આવી હતી. પ્રોજેક્ટનો પ્રથમ રેક રેકોર્ડ 18 મહિનામાં વિકસાવવામાં આવ્યો હતો, એક કાર્ય જેમાં સામાન્ય રીતે ઘણા વર્ષો લાગે છે. તેને આટલા ઓછા સમયમાં તૈયાર કરવામાં આવ્યું હતું. આ ટ્રેનનું ઉત્પાદન ચેન્નાઈમાં ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) ખાતે કરવામાં આવ્યું હતું. સુધાંશુ મણિને 'વંદે ભારતના પિતા' તરીકે ઓળખવામાં આવે છે - વંદે ભારત એક્સપ્રેસ આજે દેશની સૌથી આધુનિક ટ્રેનોમાંની એક ગણાય છે. પરંતુ ઘણાં ઓછા લોકો જાણે છે કે, આ સ્વદેશી ટ્રેનના નિર્માણ પાછળ કોનો સૌથી મોટો ફાળો છે. ભારતીય રેલ્વેના પૂર્વ અધિકારી સુધાંશુ મણિને 'વંદે ભારતના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. તેમના નેતૃત્વ હેઠળ જ ભારતે પોતાની પ્રથમ સેમી-હાઈ-સ્પીડ સ્વદેશી ટ્રેનનું સપનું સાકાર કર્યું હતું.



## બર્થડે




નામ : હરિની જોશી
માતા : હિના જોશી




નામ : મંથન પાઠક
માતા : કિંજલ પાઠક

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1. ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 4 | | 6 | | 8 | = | 16 |
| 2) | 2 | | 4 | | 6 | | 8 | = | 08 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | = | 28 |

### CHANGE THE WORD

Q2. આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | A | N |
| | | |
| | | |
| T | U | B |

### CHHOTA SUDOKU

Q3. આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 7 | | 3 |
| | | |
| | | 1 |

વર્તુળો: 25, 14 (ઉપર), 22, 13 (નીચે)

### BROKEN WORDS

Q4. નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 ક્રિકેટરના નામ બનાવો. દા.ત. DH ONI=DHONI

| | | | | | |
|---|---|---|---|---|---|
| SH | NA | GA | WA | LD | RA |
| SH | KA | ND | NNI | ER | ER |
| SK | VI | TRI | MO | IK | ANT |
| SR | | TH | AS | PI | BI |
| EV | | HI | VI | | VA |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 3 |
| 10 અક્ષર | 1 |
| 12 અક્ષર | 1 |

જવાબ
1. BINNI
2. SRIKANT
3. KAPIL DEV
4. GAVASKAR
5. MOHINDER
6. VISHWANATH
7. RAVI
8. SHASHTRI

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | × | 4 | - | 6 | × | 8 | = | 16 |
| 2) | 2 | + | 4 | - | 6 | + | 8 | = | 08 |
| 3) | 2 | + | 4 | × | 6 | - | 8 | = | 28 |

Q2

| | | |
|---|---|---|
| C | A | N |
| C | A | B |
| T | A | B |
| T | U | B |

Q3

| | | |
|---|---|---|
| 7 | 5 | 3 |
| 9 | 4 | 2 |
| 8 | 6 | 1 |

વર્તુળો: 25, 14 (ઉપર), 27, 13 (નીચે)

## શબ્દો પૂરો



| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| H | O | U | R | G | L | A | S | S | L | E | A | S | E | L |
| R | F | I | U | K | G | L | S | C | I | S | S | O | R | S |
| O | R | B | G | S | O | O | R | H | B | O | O | K | U | F |
| C | A | O | B | R | U | S | H | O | H | B | E | L | L | L |
| K | K | Y | Y | P | N | U | P | O | S | A | P | B | E | A |
| E | O | F | B | M | L | N | G | L | O | B | E | U | R | G |
| T | A | L | A | R | M | C | L | O | C | K | N | O | A | R |
| P | B | A | L | L | O | O | N | S | L | O | C | U | L | M |
| A | O | S | L | C | P | P | Y | R | A | M | I | D | C | A |
| P | A | K | A | P | N | S | C | H | O | O | L | B | A | G |
| E | B | S | N | S | T | T | C | L | O | U | D | S | R | N |
| R | A | P | P | L | E | U | T | U | B | R | A | M | U | I |
| C | I | T | K | A | C | D | I | G | A | P | Y | U | E | F |
| L | F | B | U | T | T | E | R | F | L | Y | A | G | A | I |
| I | I | U | B | K | A | N | A | L | L | G | R | P | A | E |
| P | L | M | A | P | N | T | P | A | L | E | T | T | E | R |

Answer:

→ •Hourglass •Scissors •Globe •School bag •Alarm clock •Bell •Book •Balloons •Pyramid •Easel •Butterfly •Palette •Apple •Clouds •Brush

↓ •School •Ruler •Rugbyball •Pencil •Sun •Magnifier •Student •Flask •Flag •Ball •Paperclip •Car •Rocket •Mug